R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 22•ISSUE: 04 DATE: 27-01-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## ઓક્સફેમના રિપોર્ટ પ્રમાણે ભારતમાં ૬૭ ટકા લોકો ગરીબી રેખાની નીચે જીવવા મજબુર છે

ઈન્ટરનેશનલ રાઈટસ સમુહ ઓક્સફેમના સર્વે રિપોર્ટમાં જણાવ્યા મુજબ ભારતમાં ૬૭ ટકા લોકો ગરીબી રેખાની નીચે જીવવા માટે મજબુર છે.ભારતના ૧ ટકા લોકોની પાસે ૭૩ ટકા વસતીથી વધુ સંપત્તિ છે.દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમની બેઠક પહેલા આ રિપોર્ટ પ્રકાશિત થયો હતો.દેશના ૬૭ ટકા ગરીબી રેખાની નીચે જીવતા લોકોમાં ૧ ટકા લોકો એવા છે જેઓની આવકમાં મામુલી વધારો થયો છે.વર્ષ ૨૦૧૭ના સરવે મુજબ ભારતના ૧ ટકા સૌથી વધુ શ્રીમંત લોકોની પાસે દેશની ૫૮ ટકા સંપત્તિની માલિકી છે. જ્યારે આખી દુનિયામાં સૌથી વધુ અમીર ૧ ટકા લોકો પાસે લગભગ ૫૦ ટકા દોલત છે. આ અસમાનતા એટલી વધુ છે કે ગ્રામીણ ભારતના એક મજુરને દેશની ગાર્મેન્ટ કંપનીના ટોચના સીઈઓના એક ટકા વેતન જેટલું કમાવામાં ૯૪૧ વર્ષ થઈ જાય.

જો આ સરવે રિપોર્ટના આંકડા વૈશ્વિક સ્તર પર જોઈએ તો સ્થિતિ વધુ ગંભીર નજર આવે ચે. વિશ્વની કુલ વસ્તીમાં ૩.૭ ટકા લોકો સૌથી વધુ ગરીબ છે.દુનીયાભરમાં ૧ ટકા લોકો એવા છે જેની પાસે કુલ ૮૨ ટકા લોકોની આવક કરતાં વધુ પૈસા છે.ગયા વર્ષની સરખામણીમાં જોઈએ તો આ ૮૨ ટકા લોકોની આવકમાં કોઈ વધારો થયો નથી.

અમેરિકાના ત્રણ સૌથી અમીર વ્યક્તિ એટલે બિલ ગેટ્સ, જેફ બેજોસ અને વોરેન બફેટની પાસે અમેરિકાની સૌથી ગરીબ અડધી વસ્તી એટલેકે ૧૬ કરોડ લોકોની પાસેની સંપત્તિ બરાબર સંપત્તિ છે.ગેટસ,બેજોસ અને બફેટની સંયુક્ત રીતે ૨૭૨.૫ અબજ ડોલરની દોલત છે.

## આધાર સાથે ચુંટણી કાર્ડ જોડવા નવા મુખ્ય ચુંટણી કમિશ્નર રાવતે આપેલ સમર્થન

ભારતના નવા મુખ્ય ચુંટણી કમિશ્નર તરીકે ઓમપ્રકાશ રાવતની નિમણુંક કરવામાં આવી અને એ.કે.જોતીની નિવૃત્તિ થઈ.ઓમપ્રકાશ રાવતે દેશના ૨૨માં મુખ્ય ચુંટણી કમિશ્નર તરીકે હોદ્દો ગ્રહણ કર્યો.તેઓ હવે ત્રિપુરા,નાગાલેન્ટ,મેઘાલય અને આગામી માસમા કર્ણાટકમાં અને તે પછી મધ્યપ્રદેશ,છત્તીસગઢ,રાજસ્થાન,મિઝોરામ એમ નવ રાજ્યોમી યોજાનારી વિધાનસભાની ચુંટણીનું સંચાલન કરશે.તેમની નિમણુંક થતાં રાવતે કહ્યુ હતું કે મુક્ત,નાય્યી અને વિશ્વસનિયતાપુર્વક ચુંટણી આયોજન તેમની અગ્રિમતા રહેશે.તેઓ ચુંટણી સુધારા પેટે સહમતી સાધવા પ્રયત્ન કરશે.એક નવો સુધારો સુચવતાં તેમણે કહ્યુ હતું કે સશસ્ત્રદળના મતદારની જેમ્ જ એક રાજયમાંથી બીજા રાજયમાં સ્થળાંતર કરનાર મતદાર મત આપી શકે તેવી વ્યવસ્થા વિચારાધીન છે. તેમણે કહ્યુ હતું કે આધારને મતદાર ઓળખપત્ર સાથે જોડવાની તેઓ તરફદારી કરી રહ્યા છે.આમ થાય તો મતદારની ઓળખ ફુલપ્રુફ બની રહે.

## વિશ્વ આર્થિક સુચકાંકમાં ૧૦૩ દેશમાં ભારત ૬૨માં ક્રમે પાછળ રહ્યો

વિશ્વ આર્થિક સુચકાંકમાં ભારત ઊભરાતી અર્થ વ્યવસ્થાની યાદીમાં ૬૨માં સ્થાન પર છે.જ્યારે ચીન ૨૬માં અને પાકિસ્તાન ૪૭માં સ્થાન પર છે.વિશ્વ આર્થિક મંચે વાર્ષિક બેઠકની શરુઆત પહેલા આ યાદી જાહેર કરી હતી. આ યાદીમાં નોર્વેએ બાજી મારી હતી. નોર્વે સૌથી સમાવેશી અર્થવ્યવસ્થા ધરાવતો દેશ છે.

ડબલ્યુઈએફે જણાવ્યુ હતું કે ગયા વર્ષે ભારત ૭૯ વિકાસશીલ દેશોમાં યાદીમાં ૬૦માં સ્થાન પર રહ્યો છે.જ્યારે ચીન ૧૫માં પાકિસ્તાન ૫૨ સ્થાન પર રહ્યો છે.આ રીતે ભારત યાદીમાં ચીન અને પાકિસ્તાન કરતાં પાછળ છે. વર્ષ ૨૦૧૮ના ઈન્ડેક્સમાં ૧૦૩ દેશની અર્થવ્યવસ્થાની પ્રગતિનું મુલ્યાંકન ત્રણ મહત્વના સ્તંભો વૃધ્ધિ તથા વિકાસ,સમાવેશન અને અંતરપેઢી ઈક્વીટીના આધારે કરવામાં આવ્યું છે.જેનું બે વિભાગમાં વિભાજન કરવામાં આવ્યું છે.પહેલા વિભાગમાં ૨૯ વિકસિત રાષ્ટ્રની અર્થ વ્યવસ્થા તથા બીજા વિભાગમાં ૭૪ ઊભરતી અર્થવ્યવસ્થાના રાષ્ટ્રનો સમાવેશ કરવામાં આવ્યો હતો. વિકાસ અને વૃધ્ધિને દ્રષ્ટિએ રાષ્ટ્રને પાંચ પેટા કેટેગરીમાં વર્ગીકૃત કરવામાં આવ્યા હતા.ભારતનો સરેરાશ આંક નીચલા સ્તર પર છે. તેમ છતાં દેશનું નામ દસ ઉભરતી અર્થવ્યવસ્થાનીયાદીમાં છે.

## ચારા કૌભાંડના ત્રીજા કેસમાં લાલુ પ્રસાદને પાંચ વર્ષની જેલની સજા

રાષ્ટ્રીય જનતા દળના અધ્યક્ષ લાલુ પ્રસાદ યાદવ અને બિહારના ભુતપુર્વ મુખ્યમંત્રીને ચારા કોભાંડના ત્રીજા કેસમાં પાંચ વર્ષની સજા ફટકારવામાં આવી છે.સીબીઆઈની રાંચીની કોર્ટે આ ચુકાદો આપ્યો હતો.બિહારના અન્ય ભુતપુર્વ મુખ્યમંત્રી જગન્નાથ મિશ્રાને પણ પાંચ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે.લાલુ અને મિશ્રાને પાંચ-પાંચ લાખ રુપીયાનો દંડ પર કરવામાં આવ્યો હતો.આ ત્રીજા કેસમાં કુલ ૫૬ આરોપીઓ હતા. જે પૈકી છને નિર્દોષ છોડી દેવાયા હતા. કુલ ૭૬ આરોપીઓ હતા પણ તેમાથી ૧૪ના મૃત્યુ થયા હતા.ત્રણ તાજના સાક્ષી બન્યા હતા.એક ભાગેડું છે. લાલુ ઘાસચારાના કૌભાંડના અન્ય બે કેસોમાં પણ ગુનેગાર ઠર્યા છે. જેમાં તેમને અનુક્રમે પાંચ વર્ષ અને સાડાત્રણ વર્ષની સજા થયેલી છે.લાલુના પુત્ર તેજસ્વી યાદવે કહ્યુ હતું કે તેઓ આ કેસને પડકારશે.

## કેન્દ્રની ગ્રાહક વિરોધી નીતિઓને કારણે પેટ્રોલ,ડીઝલની કિંમતો આસમાને પહોચી : ચિદમ્બરમ

પુર્વી કેન્દ્રીય નાણામંત્રી પી.ચિદમ્બરે ફરી એક વાર કેન્દ્ર ખાતેની ભાજપ સરકારની આર્થિક નીતિઓની આકરી ટીકા કરી છે. તેમણે આરોપ મુક્યો છે કે કેન્દ્ર સરકાર દેશની તિજોરીના સંચાલનમાં ઉણી ઉતરી છે.જે ગ્રાહક વિરોધી છે. ૧. ફેબ્રુઆરીએ કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલી ૨૦૧૮-૧૯નું બજેટ રજુ કરે તે પહેલાં શ્રેણીબધ્ધ ટ્વિટમાં ચિદમ્બરમે સરકાર દ્વારા લેવાતાં ઋણ,સરકાર દ્વારા થ ઈ રહેલા વિનિવેશીકરણ,અંદાજપત્રીય ખાધ,ઈંધણોમાં ભાવવધારો અને જીએસટી જેવા મુદ્દા પર ટીકા કરી હતી.

ચિદમ્બરમે તાજેતરમાં સપ્તાહોમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં થયેલા વધારાના મુદ્દો ઉઠાવ્યો હતો.તેમણે કહ્યુ હતું કે પેટ્રોલ અને ડીઝલની કિમતો આકાશને આંબી રહી છે.સરકાર ગ્રાહકોના હાથ આમળી રહી છે.આ તદન ગ્રાહકવિરોધી નીતી છે.

તેમણે કહ્યુ હતું કે ઈંધણોની કિંમતો માટે દેશમાં ડાયનેમિક પ્રાઈસ રિવિઝન મોડલ અપનાવવામાં આવ્યું છે.તેને કારણે પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં રોજબરોજ સુધારો કરાય છે.જેને કારણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કોમોડીટી બજારોમાં કિંમતોમાં થતા બદલાવનો લાભ ગ્રાહકોને આપી શકાય.પરંતુ તેમ થઈ રહ્યું નથી. દિલ્હીમાં ડિઝલની કિંમત ઓલ ટાઈમ હાઈ સપાટી પર પહોચી હતી, તો પેટ્રોલની કિંમતમાં છેલ્લા ત્રણ વર્ષની ઉંચી સપાટી પર પહોચી હતી. જીએસટીના દાયરામાંથી બહાર રાખવા પર ચિદમ્બરમે સવાલ કર્યો હતો કે શા માટે ભાજપ સરકાર પેટ્રોલ અને ડીઝલ પરના આકરા કરવેરાને કારણે ગ્રાહકોના ખિસ્સા ખંખરી લીધા છે અને રાહતો આપી નથી.સરકારે આ નાણાં વાહિયાત ખર્ચમાં ફાળવી દીધા છે.

તેમણે કહ્યુ હતું કે ઓએનજીસીએ એચપીસીએલનો ૫૧.૧ ટકા હિસ્સો ખરીદવા માટે બારતના રાષ્ટ્રપતિ સાથે એક કરાર કર્યો છે. આ આખો સોદો રોકડમાં થવાનો છે.ઓએનજીસી એચપીસીએલના ૭૭,૮૮,૪૫,૩૭૫ ઈકવીટી શેર રોકડામાં ખરીદશે. સરકારે ઋણમાં રુપીયા ૩૦,૦૦૦કરોડનો કાપ મુક્યો છે.પરંતુ ઓએનજીસી એચપીસીએલના શેરોની ચુકવણી માટે ઓએનસીજીસી રુપીયા ૩૦,૦૦૦કરોડની લોન લે. આનો અર્થ શું થયો ?અસર તો થવાની જ છે.

## આપના ૨૦ ધારાસભ્યોને ગેરલાયક ઠરાવતા રાષ્ટ્રપતિના હુકમ બાદ ભાજપના સાંસદ શત્રુઘ્નસિંહા અને યશવંતસિહા આપની વહારે

આપના ધારાસભ્યોને ચુંટણી પંચ તરફથી ગેરલાયક ઠરાવાયા બાદ રાષ્ટ્રપતિએ પણ આપના ૨૦ ધારાસભ્યોનું સભ્યપદ રદ કર્યુ હતું. જો કે ભાજપના સાંસદ શત્રુઘ્નસિંહા અને યશવંતસિંહાએ આપને ટેકો આપ્યો હતો.યશવંત સિંહાએ કહ્યુ હતું કે ૨૦ ધારાસભ્યોનું સભ્યપદ રદ કરવાનો નિર્ણય તઘલખશાહી પણ અત્યંત વરવું સ્વરુપ છે.

શત્રુઘ્નસિંહાએ પણ આ મુદ્દે ટ્વિટ કર્યુ હતું કે ‘આપ આયે, આપ છાયે, આપ હી આપ, ચર્ચા કે વિષયે, ઘર ઘર મે. હર ખબરમે તો ફિર કિસ બાત કી ફિકર આપ કો ?’’

હું આશા કરુ છું અને પ્રાર્થના કરુ છું કે આપને જલ્દી ન્યાય મળશે.આપ ટીમ અને ખ્સ કરીને આપ ને ખુબ ખુબ અભિનંદન. ખુસ રહો, સત્યમેવ જયતે , જયહિંદ.... આપની સરકાર હજુ પણ સલામત છે તે તેમણે સ્વીકારવું રહ્યું નહીતર ભાજપ દિલ્હીની કારમી હારને પચાવી શકે તેટલી નૈતિકતા ધરાવતી નથી.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

પદ્માવત ફિલ્મ પર સુપ્રીમ કોર્ટે પ્રતિબંધ મુકવાનો સાફ ઈન્કાર કર્યા પછીની સ્થિતિ કંઇક અંશે વિચલિત કરનારી બની છે.સુપ્રીમ કોર્ટનો ચુકાદો આખરી છે કે કરણી સેનાની લાગણી અને માંગણી ગમે તે હોય પરંતુ ફિલ્મ પર પ્રતિબંધ મુકી શકાય નહીં. કારણ કે ભારતના બંધારણ,અનુસાર આ દેશના દરેક નાગરિકને,કલાકારને ફિલ્મ નિર્માતાને વાણી સ્વાતંત્ર્ય અને અભિવ્યક્તિની આઝાદી છે. કોઈપણય કલાકાર કે ફિલ્મ નિર્માતા સર્જનાત્મકતાના ભાગરુપે નાટક-ચેટક કે ફિલ્મમાં કાલ્પનિક પાત્ર પ્રદર્શિત કરીને પોતાના વાણી સ્વાતંત્ર્યની અભિવ્યક્તિ કરી શકે છે.તદ્‌અનુસાર પદ્માવત ફિલ્મ પર પ્રતિબંધ મુકવાનું સુપ્રિમ કોર્ટને કોઇ ઉચિત લાગતું નથી.જો આ ફિલ્મ રજુ કરવામાં આવશે તો અમુક રાજ્યોમાં રાજપુત સમાજની લાગણી ઘવાય અને તેને કારણે તકલીફો ઉભી થાય તેમ છે છતાં તે બાબતને બંધાણીય યોગ્યતાને લક્ષમાં લેતા કોર્ટે પ્રતિબંધ આપવાનું મુનાસિબ માન્યું નથી. જો સેન્સર બોર્ડે આ ફિલ્મ પ્રદર્શિત કરવા માટેની મંજુરી આપી હોય તો પછી ફિલ્મના પ્રદર્શન પર રોક લગાવવાની કોઇજ સત્તા કે અધિકાર કોઇને નથી.કારણકે કેન્દ્ર સરકાર દ્વારા ફિલ્મ સેન્સર બોર્ડ નામની ઓથોરીટી રચાયેલી છે.

બંધારણે બક્ષેલા અધિકારો અને કેન્દ્ર સરકારની ઓથોરીટી વાળી સંસ્થાનું પ્રમાણપત્ર જો કોઇ વર્ગ સ્વીકારી ના શકે, તેમજ રાજ્ય સરકાર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહયોગી બનતી નજરે પડે તેનો શું અર્થ કાઢી શકાય.ગુજરાતમાં તાજેતરમાં આ ફિલ્મના વિવાદને કારણે જન જીવન અસ્તવ્યસ્ત કરી દેવાયું છે. કેટલાક નિર્દોષો લોકો દંડાઇ રહ્યા છે. તેમના વાહનો બાળી નાંખવામાં આવ્યા કે તોડી નાંખવામાં આવ્યા, એસટી નિગમની બસો સળગાવી દેવાઇ વિગેરે પોલીસ નિષ્ક્રિય બની જોઇ રહી છે. સરકાર દોષિતો સામે પગલાં લેવાશે તેવા હાકોટા પાડી રહી છે પરંતુ સ્થિતિ બગડતી રહી છે.તો શું સુપ્રીમ કોર્ટના નિર્ણય,બંધારણીય અધિકારો, રાજ્યની દરેક નાગરિકનું અને તેની પ્રોપર્ટીનું રક્ષણ કરવાની જવાબદારી બધાનું ધનોપનાત નિકળવા બેઠું છે.શું આ લોકશાહીનું માળખું તોડી નાંખવાની જ કવાયત શરુ કરવામાં આવી છે.માત્ર પોતાની પબ્લીસીટી કરવામાં જ વ્યસ્ત એવી રાજ્ય અને કેન્દ્ર સરકારને દેશના નાગરિકો માટે કોઇ જવાબદારી અદા કરવાની જવાબદારી છે કે નહીં ?

ગુજરાત અને હિમાચલમાં ચુંટણીઓ ચાલતી હોવાથી આ ઈસ્યુને લટકાવી દેવામાં આવ્યો હતો પરંતુ તે બાદ આ પ્રશ્ન સળગવા લાગ્યો અને આખો મુદ્દો વિવાદાસ્પદ બની ગયો છે.મતપેટીઓને લક્ષમાં રાખીને સરકારે સુપ્રીમ કોર્ટ અને બંધારણને દેશના અરાજકતા પેદા કરનારા તત્વોને ત્યાં ગીરવી મુકી દીધુ છે.ફિલ્મ નિર્માતાઓ,થિયેટરના માલિકો અને સર્જકો ઉપર ભયનો ઓથાર છવાઇ ગયો છે. રાજકીય માફીયાઓ ચારેબાજુ પોતાની ધાક ઉભી કરવામાં સફળ બની ગયા છે. હવે એવું પણ બની શકે છે કે અભિવ્યક્તિની સ્વતંત્રતા સામે બદનક્ષીની ફરિયાદો કરીને મીડીયા ઉપર પણ પોતાની ધાક અને વર્ચસ્વ જમાવવાની કુટિલ નીતિ અખત્યાર થઇ રહી છે ત્યારે હવે દેશની જનતાને જાગવાનો મોકો છે.સુપ્રીમ કોર્ટના ચાર જજ્જો એ મોઘમમાં દેશની જનતાને અપીલ કરી છે કે હવે દેશની લોકશાહી અને બંધારણ બચાવવાની જવાબદારી તમારી છે.

# સુપ્રીમ કોર્ટના ચાર જજ્જોએ પ્રોસિજરને લગતી સમસ્યાને ઉજાગર કરી : સર્વોચ્ચ અદાલતમાં વિવાદનો અંત લાવવા સૌની નજર

સુપ્રીમ કોર્ટના ચાર જજ્જોએ ચીફ જસ્ટીસ દિપક મિશ્રા સામે પ્રોસિજરને લગતી સમસ્યા બાબતે વાંધા રજુ કરીને ન્યાયપાલિકાના હિતમાં પ્રેસ કોન્ફરન્સ કરીને પોતાનો અવાજ રજુ કર્યો હતો. તેમણે ઉઠાવેલા મુદ્દાઓને વહેલી તકે ઉકેલ આવે તે દિશામાં ચારેબાજુએથી પ્રયત્નો શરુ થયા છે.જો કે જજ્જો પૈકીના એક કહ્યુ હતું કે કોઇ બંધારણીય કટોકટી સર્જાઇ નથી,ફક્ત પ્રોસિજરને લગતી સમસ્યા છે અને ચીફ જસ્ટીસ સમક્ષ ઉઠાવેલા મુદ્દાઓને ઉકેલવામાં આવશે તેવી આશા છે.કામ અંગેની વહેચણીમાં થતી અવવ્યવસ્થાને સરળ કરવાની પ્રક્રિયા કરવાની છે.પ્રેસ કોન્ફરન્સ યોજવી એ સુપ્રીમ કોર્ટની શિસ્તનો ભંગ નથી અને તેમાં કોઇ નિયમભંગનો કોઇ સવાલ નથી તેમ જસ્ટીસ કુરીયને કહ્યુ હતું.અમારા આ પગલાંથી સુપ્રીમ કોર્ટના વહીવટમાં વધુ પારદર્શકતા આવશે. ચાર જજ્જોએ ભેગા મળીને કરેલી પ્રેસ કોન્ફરન્સમાં ચીફ જસ્ટીસ સામે કરેલા આક્ષેપોને કારણે દેશનું રાજકીય વાતાવરણ ગરમાયું હતું.દેશના ઇતિહાસમાં પહેલી વાર સુપ્રીમ કોર્ટના ચાર જજ્જોએ પ્રેસ કોન્ફરન્સ દ્વારા ચીફ જસ્ટીસ સામે ગંભીર આક્ષેપો કર્યા હતા.ત્યારે સૌની નજર હવે ન્યાય પાલિકામાં જાગેલા વિવાદનો સુખદ અંત કેવી રીતે આવે તે જોવા પર છે.બાર કાઉન્સી સમાધાન કરાવવા માટે સાત સભ્યોની સમિતિની રચના કરી હતી. જો કે કાઉન્સીલે અપીલ કરી હતી કે રાજકીય નેતાઓ આ મુદ્દે રાજનીતી રમશે નહીં તો વિવાદનો ઝડપી ઉકેલ આવશે.ન્યાયતંત્રની ગરીમા ખરડાય તેવું કોઇ પગલું નહીં ભરવા માટે તાકીદ કરવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટના પુર્વ જસ્ટીસ આર.એસ.સોઢીએ કહ્યુ હતું કે આ અભુતપુર્વ વાત છે. જજો આવું કેવી રીતે કરી શકે ? સુપ્રીમ કોર્ટ કેવી રીતે કામ કરે છે તે તમે પ્રેસ મીટ યોજીને કેવી રીતે નક્કી કરી શકો ? હું આના પરિણામોથી દુ:ખી છું. આ બધું નિરાશ કરનારુ છે. શું તમે પ્રેસ મીટ યોજીને જનમત લેવા માંગો છો ? આનાથી ન્યાયતંત્રને જે નુકશાન પહોચ્યું છે તે ભરપાઇ કરી શકાશે નહીં.આ મામલે ચારેય જજીસ સામે મહાભિયોગ કાર્યવાહી ચલાવવી જોઇએ.

હરિયાણા હાઇકોર્ટના ચીફજસ્ટીસ મુકુલ મુદગલે જજિસની પ્રેસ મીટનો બચાવ કર્યો હતો. લોકોની સમક્ષ લાલવવાનું જે જરુરી હતું તે આ ચાર જજીસ લાવ્યા છે. આની પાછળ કોઇ કારણ હશે. આ ચારેય જજ પબ્લીસીટીના ભુખ્યા નથી.

જ્યારે સિનિયર એડવોકેટ ઇંદિરા જયસિંહે ચારેય જજને તેમના સાહસિક પગલાં માટે અભિનંદન પાઠવ્યા હતા. તેઓ ઇતીહાસનું ઋણ ચુકવી રહ્યા છે. તેઓ દેશને જણાવવા માંગે છે કે ક્યાંક કશુંક ખોટું થઇ રહ્યું છે અને તેને યોગ્ય કરવાનું જરુરી છે.

જ્યારે બીજેપી નેતા અને સુપ્રીમ કોર્ટના વકીલ અમિતાભ સિહાએ કહ્યુ હતું કે જજ એકટિઝમમાં ભળવું ન જોઇએ. જજે રાજીનામું આપી દેવું જોઇએ અને પછી પ્રજાની વચ્ચે જવું જોઇએ. દેશના સર્વોચ્ચ ન્યાયતંત્રની પ્રતિષ્ઠા ઓછી કરવાનું કામ આ જજ કર્યુ છે. આજે આ જજ અને પ્રશાંત ભુષણ વચ્ચે કોઇ તફાવત નથી.જ્યારે જસ્ટીસ બી.જે શેઠનાએ કહ્યુ હતું કે આ ચાર જજો ચીફ જસ્ટીસ ઓફ ઇન્ડીયાની મનમાની બહાર લાવ્યા છે. તે હિંમતને કાબિલ છે.

# મોદી સરકારના પ્રધાનો,નેતાઓ ડર છોડીને અવાજ ઉઠાવે : યશવંત સિંહા

સુપ્રીમ કોર્ટના ચાર જજ્જોની બગાવતને બહાને ભાજપના નેતા યશવંત સિંહાએ મોદી સરકાર પર અકમક પ્રહારો કયા હતા.પોતાની તેજીલી ભાષામાં સિંહાએ કહ્યુ હતું કે દેશમાં ૧૯૭૫ની ઇમરજન્સી જેવી સ્થિતિ ન બને માટે સંસદનું ટુંકુ સત્ર બોલાવવું જોઇએ અને તેમાં સમસ્યાની ચર્ચા કરવી જોઇએ. જો ભાજપના પ્રધાનો,નેતાઓને એવું લાગે કે લોકશાહી ખતરમાં છે તો તેમણે મોદી સરકાર સામે ડર્યા વગર અવાજ ઉઠાવવો જોઇએ.અને જજ્જીસના ટેકામાં ખુલ્લેઆમ બહાર આવવું જોઇએ. સુપ્રીમ કોર્ટના જજીસે કહ્યુ છે કે લોકતંત્ર ખતરામાં છે અને તેમને ગંભીરતાથી મુલવવું જોઇએ. આ ન્યાયપાલિકાનો આંતરિક મામલો નથી તેના કરતાં કંઇ વિશેષ છે. પી.એમ.વિરુધ્ધ અવાજ ઉઠાવવા નેતાઓ અને પ્રધાનોએ ડરવું જોઇએ નહીં. જેવી રીતે સીજેઆઇ સુપ્રીમમાં પ્રથમ છે તેમ કેબિનેટમાં વડાપ્રધાન પ્રથમ છે.અને અન્ય પ્રધાનોની સમાન છે.કેબિનેટના સાથીઓએ તેમની સામે અવાજ ઉઠાવતાં ગભરાવું જોઇએ નહીં.

સિંહાએ કહ્યુ હતું કે દેશમાં ઇમરજન્સી જેવી સ્થિતિ ન સર્જાય તે માટે સંસદનું ટુંકુ સત્ર બોલાવવું જોઇએ અને તેમાં ચર્ચા કરવી જોઇએ.સુપ્રીમ કોર્ટમાં બધું બરાબર નથી ચાલી રહ્યું તો લોકશાહી ખતરામાં છે. જે નાગરિકો લોકશાહીની સુરક્ષા માટે વિચારે છે તેમણે સરકાર સામે અવાજ ઉઠાવવો જોઇએ.હું ભાજપના નેતાઓ અને પ્રધાનોને અપીલ કરું છું કે તઓ ડર છોડીને અવાજ ઉઠાવે.રાજકીય પક્ષોએ પણ સંસદ અને લોકશાહી પરના ખતરાને ગંભીરતાથી લેવો જોઇએ.

શિવસેનાના વડા ઉદવ ઠાકરેએ ૪ બાગી જજોને ટેકો આપ્યો હતો.તેમણે કહ્યુ હતું કે લોકશાહીના ચાર સ્તંભ સ્વંતંત્ર રહે તે જરુરી છે.જે ઘટના બની છે તે ચિંતા સર્જનારી છે જો કે તેમણે શા માટે આવું પગલું ઉઠાવ્યું તે જોવું જોઇએ.ચાર જજ સામે કાર્યવાહી થઇ શકે છે. લોકશાહીમાં ચાર સ્તંભ નગરપાલિકા,ન્યાયપાલિકા, વિધાનસભા અને પત્રકારત્વ એ સ્વતંત્ર રહે તે જરુરી છે. જો કે એકબીજા પર પડશે તો બધું ખતમ થઇ જશે.

પહેલી મોર્ડન ઓલિમ્પીક રમત ૧૮૯૬માં એથેન્સમાં યોજાઇ હતી.
અબરખ ધાતુનું સૌથી વધુ ઉત્પાદન ભારતમાં થાય છે
ભારતનું સૌ પ્રથમ મહીલા પોલીસ સ્ટેશન કેરળના કાલિકટમાં શરુ કરવામાં આવ્યું હતું.
વિમ્બલ્ડન ચેમ્પીયનશીપ ટુર્નામેન્ટ દરમિયાન ૪૨ હજાર ટેનીસ બોલનો વપરાશ થાય છે.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨



AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

# ગાંધીજીની ઝૂંપડી
## ઇવાન ઇલિચ



(મેક્સિકોના વિશ્વ પ્રસિદ્ધ વિચારક ઈવાન ઈલિચ જાન્યુઆરી ૧૯૭૮માં સેવાગ્રામ (વર્ધા)માં 'વિશ્વ નિર્ધન સમાજ માટે ટેકનીક' સંમેલનના ઉદ્‌ઘાટન માટે આવ્યા હતા. પોતાના પ્રવાસ દરમિયાન તેમણે પોતાનો મોટા ભાગનો સમય ગાંધીજીની ઝૂંપડીમાં વિતાવ્યો અને પોતાના ઉદ્‌ઘાટન ભાષણમાં અનોખી શૈલીમાં શાંતિ તત્ત્વનું વિવેચન કર્યુ. સં.)

મારા મિત્રો,

મહાત્મા ગાંધી જ્યાં રહેતા હતા એ ઝૂંપડીમાં હું આજ સવારથી છું. હું એમના વિચાર, દર્શન તથા સંદેશથી એક આત્મ-પ્રેરણા મેળવી રહ્યો છું. એની એક બાજુ આધ્યાત્મિક છે અને બીજી છે સાધનો-સગવડોનું મહત્ત્વ. આ ઝૂંપડીને બનાવવા પાછળ ગાંધીજીનો કયો દૃષ્ટિકોણ હતો એ સમજવાનો પ્રયત્ન કરી રહ્યો છું. એની સાદગી, સુંદરતા અને સ્વચ્છતા મને બેહદ પસંદ આવી છે. આ કુટી પ્રેમના સિદ્ધાંત અને સર્વસમભાવનો નિરંતર ઘોષ કરે છે. મને મેક્સિકોમાં જે મકાન આપવામાં આવ્યું છે, તે ઘણી રીતે આ ઝૂંપડી જેવું છે, એટલા માટે હું એના મૂળ ઉદ્દેશને સમજી શકું છું. આ ઝૂંપડીમાં સાત પ્રકારના ઓરડા છે. જ્યારે તમે દાખલ થાવ છો તો તમારાં પગરખાં ઉતારવાની એક જગા છે, જેથી તમે સ્વસ્થ ચિત્તે અંદર જઈ શકો.પછી વચમાં એક ઓરડો છે. જે એટલો મોટો છે કે એમાં એક મોટો પરિવાર રહી શકે. આજે સવારે ચાર વાગ્યે હું પ્રાર્થના માટે બેઠો તો મારી સાથે બીજા ચાર લોકો હતા, જે એક દીવાલને અડીને ઊભા હતા અને બીજી બાજુ પણ એક વિશાળ જગા હતી, જ્યાં લોકો પાસેપાસે બેસી શકે. ત્રીજો ઓરડો ગાંધીજી પોતે બેસતા અને કામ કરતા હતા, એ સિવાય બીજા બે ઓરડા હતા- એક મહેમાનો માટે અને બીજો દરદીઓ માટે. અહીં એક ખુલ્લો વરંડો અને શૌચ વગેરે માટે સ્નાનઘર પણ છે. ઝૂંપડીના આ બધા ઓરડા એક-બીજા સાથે સંકળાયેલા છે.

જ્યારે હું સીધો હિન્દુસ્તાનીઓની દૃષ્ટિએ વિચારું છું, તો મને લાગે છે કે કોઈ ધનવાન માણસ આ ઝૂંપડીમાં આવે, તો એની મજાક ઉડાવે. આ ઝૂંપડી કરતાં મોટા મકાનની કોઈને આવશ્યકતા હોય એવું મને લાગતું નથી. આ ઝૂંપડી વાંસ અને માટીના ગારાથી બની છે, એનું નિર્માણ લોકોના હાથે થયું છે, મશીનથી નહીં. હું એને ઝુંપડી કહી રહ્યો છું. પરંતુ વાસ્તવમાં એ ઘર છે. ઘર અને આવાસમાં અંતર હોય છે. જ્યાં માણસ પોતાનાં બિસ્તરાપોટલાં અને ફર્નીચર વગેરે રાખે છે, તે આવાસ કહેવાય છે. ત્યારે એની સુરક્ષા અને ફર્નીચર વગેરેનું ધ્યાન માણસ કરતાં વધારે રાખવું પડે છે. દિલ્હીમાં મને જ્યાં રાખવામાં આવ્યો હતો, તે આવાસ હતો, કારણ કે એમાં અનેક પ્રકારની સગવડો હતી. સિમેન્ટ અને લોખંડથી બનેલો આવાસ પેટી જેવો હોય છે. જેમાં ફર્નીચર અને અન્ય સામાન રહે છે. આ શાન મેળવવા માટે આપણે આખું જીવન ખર્ચી નાખીએ છીએ. તોપણ એનાથી આપણને આંતરિક તાકાત મળતી નથી. કહેવાનો અર્થ એ છે કે આ સામાન વ્યક્તિને અપંગ બનાવી દે છે. એટલે કે જેટલી વધારે સગવડો એટલી નિર્ભરતા વધે છે. ત્યારે આપણું જીવન બંધિયાર અને સીમિત થઈ જાય છે. જયારે હું ગાંધીજીની ઝૂંપડીમાં મૂકેલા ફર્નીચરને જોઉં છું, ત્યારે એની પર નિર્ભર રહેવું પડતું હોય એમ લાગતું નથી. બધા પ્રકારની સગવડોથી ભરપૂર આવાસથી એ નક્કી થઈ જાય છે કે આપણે દુર્બળ બની ગયા છીએ. આપણામાં જીવનશક્તિનો હ્રાસ જેટલો થાય છે, એટલા જ આપણે વસાવેલા સામાન પર નિર્ભર બનતા જઈએ છીએ. જનસમુદાયના આરોગ્ય માટે. હૉસ્પિટલ પર નિર્ભર રહીએ છીએ કે બાળકોના શિક્ષણ માટે સ્કૂલોનો આશ્રય લઈએ છીએ. હૉસ્પિટલ અને સ્કૂલ દેશના લોકોનું આરોગ્ય અને શિક્ષણનું પ્રતિબિંબ બને એ સૌભાગ્ય સૂચક નથી. વાસ્તવિકતા તો એ છે કે મોટી સંખ્યામાં હૉસ્પિટલો હોવી, એ લોકોની રોગિષ્ઠ દશા દર્શાવે છે. અને વધારે સ્કૂલોથી અજ્ઞાનની ઝલક મળે છે. ઠીક એ રીતે જીવનમાં સગવડોના બાહુલ્યથી માનવીય જીવનમાં સૃજન ક્ષમતાની ઊણપ દેખાય છે.

વધારેમાં વધારે સગવડોથી યુક્ત લોકોને ઉચ્ચ કોટિમાં ગણવામાં આવે છે એ દુર્ભાગ્યની વાત છે. જેમાં રોગને વધારે મહત્ત્વ આપવામાં આવે અને કૃત્રિમ પગવાળા લોકોને ઊંચા માનવામાં આવે એવા સમાજને નીતિવિહીન નહીં માનવામાં આવે? ગાંધીજીની આ ઝૂંપડીમાં બેસીને આ પ્રકારની વિકૃત વિચારધારા વિષે વિચારીને હું દુઃખી થઈ ગયો છું. હું એ નિર્ણય પર પહોંચ્યો છું કે ઔદ્યોગિક સભ્યતાને માનવ વિકાસ માટે પ્રશસ્ત માર્ગ માનવો બિલકુલ ખોટું છે. આર્થિક ઉન્નતિ માટે ઉત્પાદન વધારનારા મોટા મોટા મશીનો અને વધારે એન્જિનિયરો, ડૉક્ટરો અને પ્રોફેસરોની આવશ્યકતા નથી એ સિદ્ધ થઈ ચૂક્યું છે. મને પાકો વિશ્વાસ થઈ ગયો છે કે આવા લોકો દિલ અને દિમાગથી દુર્બળ હોય છે. એમની જીવનશૈલી એવી હોય છે કે તેઓ ગાંધીજીની આ ઝૂંપડીથી મોટી વિશાળ જગામાં રહેવાનું પસંદ કરે છે. મને એમના પર દયા આવે છે. એમણે પોતાની આ રહેણીકરણીથી પોતાને સંપૂર્ણ પરાશ્રિત કરીને જડ મકાન માટે સ્વયંને પણ જડવત્ બનાવી દે છે. જીવનક્રમમાં એમના શરીરનું લચીલાપણું અને જીવન શક્તિ નષ્ટ થઈ જાય છે, એમનો કુદરત સાથેનો સંબંધ તૂટી જાય છે અને સાથેના લોકોથી અંતર વધી જાય છે.

આજના યોજનાકારોને હું કહું છું કે ગાંધીજીની સાદી-સીધી, સરળ વિચારધારાને કેમ ગ્રહણ નથી કરતા? એમનો ઉત્તર હોય છે કે ગાંધીજીનો માર્ગ બહુ જ કઠણ છે અને સામાન્ય લોકો એને અપનાવવા માટે અસમર્થ છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે ગાંધીજીના સિદ્ધાંતમાં કોઈ પણ વચેટિયાને સ્થાન નથી. કેન્દ્રીયકૃત પ્રણાલીને એ સહન નથી કરતા. સત્ય અને અહિંસાનો સીધો સાદો નિયમ પણ સમજમાં નથી આવતો એ કેવી વાત છે? લોકો પોતાના લક્ષને પામવા માટે અસત્ય અને હિંસાને સાચી માને છે એ તર્ક શું સાચો છે? એવું નથી. સામાન્ય માણસ સારી રીતે સમજે છે કે સાચા સાધનોથી જ સાચું લક્ષ મેળવી શકાય છે. એ તો કેટલાક સ્વાર્થી લોકો છે, જેઓ આ દર્શનને સમજવા માટે મોં ફેરવી લે છે. ધનવાન લોકો ક્યારેય પણ આ સમજવાના નથી.

જ્યારે હું ધનવાન લોકો કહું છું ત્યારે તેનું તાત્પર્ય એ છે કે એ લોકોએ એવી જીવનની બધી સગવડો મેળવી લીધી છે, જે સામાન્ય માણસ માટે ઉપલબ્ધ નથી. એમની રહેણી-કરણી, ખાણી-પીણી, હરવું-ફરવું અને ઉપભોગની પદ્ધતિ એવી છે કે તેઓ સત્યને ઓળખવાની ક્ષમતા ખોઈ ચૂક્યા છે એમને માટે ગાંધીજી એક કોયડો બની ગયા છે. એવા લોકો માટે સાદાઈનો કોઈ અર્થ નથી. એમની હાલત એમને સત્યનો સાક્ષાત્કાર કરતાં રોકે છે. એમનું જીવન ગૂંચવાડાથી એવી રીતે ભરેલું છે કે તેઓ પોતે જ પોતે રચેલી જાળમાંથી બહાર નથી નીકળી શકતા.સારુલક્ષણ એ છે કે મોટા ભાગની જનતા પાસે એટલું ધન નથી કે તેઓ સાદાઈના સત્યથી અસ્પૃષ્ઠ રહી શકે. સાથે સાથે તેઓ એટલા સાધન વગરના દરિદ્ર પણ નથી કે આ દર્શનને સમજી ન શકે. સત્યના સિદ્ધાંતને નકારનારા દરેક ધનવાન માણસે રાષ્ટ્રના આત્મા સાથેનો સંબંધ તોડી નાંખ્યો છે. એ બિલકુલ સ્પષ્ટ છે કે આત્મનિર્ભર સમાજમાં જ મનુષ્યની ગરિમા જળવાઈ રહે છે અને જ્યારે આ સમાજ ઉત્તરોત્તર ઔદ્યોગિકરણ તરફ આગળ વધે છે, ત્યારે માનવીય ગરિમાને ઠેસ પહોંચે છે. આ ઝૂંપડીનો સંદેશ છે કે વ્યકિત અને સમાજ સાથે સાથે ચાલે છે ત્યાં આનંદ રહે છે. એટલા માટે આત્મનિર્ભરતા એક કૂંચી છે. આપણે સારી રીતે સમજવું જોઈએ કે બિનજરૂરી વસ્તુઓથી મનુષ્યની શક્તિ ઘટે છે કે એનાથી સુખની વૃદ્ધિ થાય છે? આ વિષે ગાંધીજીએ વારંવાર કહ્યું હતું કે આવશ્યકતા મુજબ જ ઉત્પાદન કરવું જોઈએ.આજે તો હદથી વધારે ઉત્પાદન થાય છે અને નિરંકુશ વધતું જાય છે. આજ સુધી આપણે આ બધું સહેતા આવ્યા છીએ. પરંતુ હવે એ સમય આવી ગયો છે, માણસ સારી રીતે સમજી ગયો છે કે મશીનો પર વધુને વધુ નિર્ભર રહેવું એટલે આત્મહત્યા તરફ જવું એ છે. સભ્ય કહેવાતા ચીન અને અમેરિકા જેવા દેશોએ સમજી ગયા છે કે ઉન્નતિનો આ રસ્તો સાચો નથી. મનુષ્યોને એ લાગવું જોઈએ કે દરેક માણસ અને આખા સમાજની ભલાઈ માટે તેણે આવશ્યક વસ્તુઓ જ રાખવી એ પૂરતું છે. આપણે એવા પગલાં ભરવા પડશે, જેથી આ વિચારને પૂરેપૂરી સ્વીકૃતિ મળે અને આજની દુનિયાના મૂલ્યોમાં પરિવર્તન આવે. આ પરિવર્તન સરકારી દબાણ કે કેન્દ્રિયકૃત સંસ્થાઓના માધ્યમથી ન આવવું જોઈએ. એના માટે પ્રબળ જનમત બનાવવાની જરૂર છે જેથી જેના દ્વારા મૂળભૂત સમાજની રચના થાય છે એ લોકોની સમજમાં આવી શકે. એ માટે પ્રબળ જનમત ઊભો કરવાની જરૂર છે. આજે કાર ચલાવનારો માણસ સાઈકલ ચલાવનારા માણસ કરતાં પોતાને મોટો માને છે. પરંતુ સામાન્ય માપદંડની દૃષ્ટિએ જોઈએ તો સામાન્ય જનતાનું વાહન સાઈકલ જ છે. એટલા માટે સાઈકલને મહત્ત્વ આપવું જોઈએ અને સડકોની યોજના એ રીતે બનાવવી જોઈએ કે પૂરી પરિવહન વ્યવસ્થા સાયકલના આધારે ઊભી થઈ શકે. કારને બીજું સ્થાન આપવું જોઈએ. પરંતુ સ્થિતિ બિલકુલ ઊલટી છે. બધી સડક યોજનાઓ મુખ્યત્વે કારને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવે છે અને સાયકલને ગૌણ સ્થાને રાખવામાં આવી રહી છે. આ રીતે સામાન્ય માણસની આવશ્યકતાઓને ઉચ્ચ વર્ગની આવશ્યકતાઓ સામે મહત્ત્વહીન માનવામાં આવી રહી છે. ગાંધીજીની ઝુંપડીએ પ્રદર્શિત કરે છે કે સામાન્ય માણસનું મહત્ત્વ કેવી રીતે સમજી શકાય. આ સુખદ સંકેત છે કે આપણે સાદગીના સિદ્ધાંતને અપનાવીને સેવા અને સત્યનિષ્ઠા સરળતાથી મેળવી શકીશું. આશા છે 'દ્વિતીય વિશ્વ નિર્ધન સમાજ માટે ટેકનીક' પર આધારિત ગોષ્ઠિમાં આ સંદેશ પર આપ વિચાર કરશો.

(સપ્રેસ)

નવનીતમાંથી સાભાર

# કર્ણાટક અને ગોવા વચ્ચે નદીનું પાણી વહેચવાના મુદ્દે વિવાદ થતાં સામાન્ય જનજીવન ખોરવાયું

કન્નડ તરફી સંસ્થાઓ દ્વારા મહાદાયી નદીની જળવહેચણીના મુદ્દે રાજ્યવ્યાપી કર્ણાટક બંધનું એલાન આપવામાં આવતાં જન જીવન ખોરવાયું હતું.કર્ણાટકમાં નજીકના સમયમાં વિધાનસભાની ચુંટણીઓ યોજાવાની છે.અને કર્ણાટકમાં ભાજપ વિરોધી સરકાર સત્તા પર છે.હવે સિધ્ધારામૈયાની સરકારને ભ્રષ્ટાચારી કહીને ભાજપા અધ્યક્ષ અમિત શાહે રેલીનું આયોજન કર્યું હતું. અને પરિણામે રાજ્યમાં અવ્યવસ્થાનું આયોજન થયું હતું.આંદોલનને ઉકેલવા માટે પીએમ મોદીના હસ્તક્ષેપની માંગણી કરવામાં આવી છે.આજદિન સુધી પાણીની વહેચણીનો કોઈ મુદ્દે હતો નહીં. રાતોરાત ચુંટણી આવી એટલે મુદ્દાઓ ઉપસ્થિત કરીને કેટલીક રાજકીય પાર્ટીઓ ધંધે લાગી ગઈ છે.

ગોવામાં મન્ડોવી નદી તરીકે આ નદી ઓળખાય છે.બંધના કારણે અસંખ્ય પ્રવાસીઓ અટવાયા હતા. ચુંટણી આવતી હોવાને કારણે ભાજપા પ્રમુખ હાલમાં ત્યા હાજર છે. થોડાક સમયમાં પી.એમ. મોદી પણ ત્યાં જવાના છે. અને ત્યારબાદ કોગ્રેસી નેતા રાહુલ ગાંધી પણ પ્રવાસ કરશે.પાણી એ કુદરતી સ્ત્રોત છે પરંતુ ચુંટણી ટાળે તેને ગ્રહણ નડશે અને બેઉ પ્રદેશના લોકો લડી મરશે.

# દેશમાં ભારે વિરોધોની વચ્ચે પદ્માવત ફિલ્મ રીલીઝ થઇ ગઇ

દેશમાં સંજય લીલા ભણસાલીની બહુ ચર્ચિત ફિલ્મ પદ્માવત રીલીઝ કરવામાં આવી હતી. ગુજરાત,રાજસ્થાન,હરિયાણા અને મધ્યપ્રદેશમાં તેના ઉપર પ્રતિબંધ હોવાથી તે સિનેમાં ઘરોમાં રીલીઝ થઈ નહોતી. બાકીના રાજ્યોમાં થોડાક ગતિરોધ સાથે તેને રીલીઝ કરી દેવાઈ હતી. પ્રક્ષકો તરફથી તેને સારો પ્રતિસાદ મળ્યો હતો.તેમને એમ લાગ્યુ હતું કે આ ફિલ્મમાં વિવાદોને લગતી કોઈ સમસ્યા નથી.

# સમાધાન કરી શકે તે પ્રગતિ કરી શકે

જીવનમાં સમાધાન કરીને જીવવુ પડે છે.જેને સમાધાન કરતાં આવડતુ નથી તે ફેંકાઇ જાય છે.એમાં આપણી જે માન્યતા હોય,તે બીજાઓને અનુકુળ ન પણ આવે, તેથી તે સ્વીકારી શકે નહી.એવુજ આપણા પક્ષે પણ થાય. તો સામસામે સમાધાન કરી લેવુ પડે, જો એમ ન થાય તો તે લાંબુ ટકે નહી.આ સામાન્ય બાબત છે.જેને સમાધાન કરતાં આવડે તે જીતે.સમાધાનથી શાંતિ આવે છે.જ્યારે આપણાં દેશમાં રજવાડાં હતાં ત્યારે સંધિની પ્રક્રિયા સતત ચાલ્યા કરતી,એમાં વિશ્વાસઘાત,પ્રપંચવિદ્યા, ખોટાં કારસ્તાન,લડાઇ-ઝગડા કરાવવાની વ્યુહરચના,વળી પાછુ સુલેહ-શાંતિ કરાવવાની મથામણ આ બધીજ રાજકીય આંટીઘુટીઓ ચાલ્યા કરતી. એમાં એક રાજા બીજા રાજા સાથે સમાધાન કરે,સંધિ કરાર થતાં એમ આજે વિશ્વના દેશો એકબીજા સાથે કોઇ ને કોઇ પ્રકારની સંધિ કરે. એ માટે એક દેશ બીજા દેશમાં પોતાના એલચી રાખે છે.બીજા દેશો સાથે સલાહ સુચનો માટે કોઇ પ્રશ્નો ઉભા થાય તો એનુ સમાધાન કરાવવાના પ્રયત્નો કરાતા હોય છે.સંધિ થયા પછી બંને પક્ષ એની સમયમર્યાદામાં રહીને, એનુ પાલન કરવા માટે બંધાયેલો હોય છે. જો એમ ન કરે તો સંધિભંગ ગણાય છે.

સંધિ એટલે જોડાવુ તે, સંયોગ (૨)સાંધો, સાંધાની જગ્યા (૩)સુલેહ, તહ(૪)અણીનો વખત (૫)બે યુગ કે વિશિષ્ઠ સમયો વચ્ચેનો સમય (૬)બે વર્ણો સાથે આવવાથી થતો ફેરફાર કે જોડાણ(વ્યા)(૭)નાટકનો સાંધો કે વિભાગ (૮)ચોરે ભીંતમાં પાડેલુ બાકું વગેરે અર્થ થાય છે. આ અર્થોની દર્ષ્ટિએ જોઇએ તો સંધિ એના જુદા જુદા કાર્યો સાથે સંકળાયેલી બાબત છે.

આપણે સંધિકાળ એવુ કહીએ છીએ. એ કાળગણનાનો એક ભાગ ચે. એ યુગ વચ્ચેનો સમય,યુગનો બારમો ભાગ છે.એમાં એકનો અંત અને બીજાની શરુઆત થાય, તે સમય સંધિકાળ કહેવાય છે.એક પરિસ્થિતિમાંથી બીજી પરિસ્થિતિમાં પ્રવેશવાનો સમય. આ સમયને સાચવવાનો હોય છે.એની પુજા અર્ચના કરવામાં આવે છે.આ વાત સમયની થઇ. એવી જ રી તે જીવનમાં પણ કેટલોક સંયોગ એવો ઉભો થાય કે જેથી તમારે સંધિ કરવી પડે.જે માણસ અણીનો સમય સાચવી જાણે છે એ જીવી જાણે છે.એનાથી આગળ વધીને કહી શકાય કે જે સમયની સાથે સંધિ કરી શકે છે, એ પ્રગતિ કરી શકે છે.ક્યારેક આપણને સંધિ ગમતી હોય કે ન ગમતી હોય,જો એ વિશાળ હિતમાં હોય તો કરવી જોઇએ.માત્ર આપણા સ્વાર્થ ખાતર જો એ ન કરાય તો એનાં પરિણામ બીજાઓને ભોગવવાં પડતાં હોય છે.આપણે કોઇ વસ્તુ તુટી જા. તો એને રેણ કરીએ છીએ, સાંધીએ છીએ. હ્યદયમાં તકલીફ થાય તો ઓપરેશન કરાવીને ધમનીઓને ગતિમાં લાવીએ છીએ.આપણને ખબર છે કે આ સાંધો લાંબો સમય ટકવાનો નથી, એને સાચવીને કાળજીપુર્વક રાખીએ છીએ. એવું જ સંધિનુ પણ છે.સંધિ થયા પછી એને નિષ્ઠાપુર્વક વળગી રહેવાનો પ્રયત્ન કરવો જોઇએ.

કોઇ મહાન કાર્યો કરવા માટે શત્રુઓ સાથે પણ સંધિ કરવી જોઇએ. આપણે જો શત્રુતાની દાઝમાં જ રહીએ તો કાર્ય બગડી જાય છે.સમાજના કે માનવજાતના હિતમાં જો હોય તો સમાધાન કરવુ એ માણસની મહાનતા ગણાય છે. દેશના હિતમાં પણ ક્યારેક બાંધછોડ કરવી પડે તો કરાય. એમાં આપણો અહંમ ઓગાળવો પડે. આપણા અહંમથી જો રાષ્ટ્રને નુકશાન થતુ હોય તો આપણે દેશદ્રોહી જ કહેવાઇને ?સજ્જન માણસ તો એ છે કે જે બીજાના ભલાનો વિચાર કરે.જે રાજકારણી છે એ પેલા વાંદરાની વાર્તા જેવા હોય છે. બે બિલાડીની લડાઇમાં પોતાને મલાઇ મળે એની ફિરાકમાં રહેતા હોય છે.જો કોઇ પ્રશ્નની મડાગાંઠ પડી હોય તો એને ઉકેલવાના બદલે વધારે ગુંચવવામાં એમને અસુરી આનંદ આવતો હોય છે.પોલિસને કહે કે તુ પકડ અને ચોરને કહે કે તું નાસી જા.આવા લોકો સંધિને નામે પોતાનો રોટલો શેકતા હોય છે.જો સરળતાથી બે પક્ષો વચ્ચે સમાધાન થઇ જાય તો એવા લોકોનો ભાવ કોણ પુછે ?જુના સમયમાં રાજાઓ વચ્ચે સંધિ કરાવનારાઓ એવી જ ભુમિકા ભજવતા.બંને પક્ષો એમને પોતાના જ માનતા હોય છે.પણ એ સંધિ કરાવનાર ક્યારેય કોઇનો હોતો નથી. આજે આપણી જ્ઞાતિઓના સમાજોમાં પણ જોઇએ છીએ કે સમાજના આગેવાનો કોઇને લડાઇ-ટંટો હોય તો વચ્ચે પડીને સંધિ કરાવવાનો પ્રયત્ન કરતાં હોય છે.એમાં બંને પક્ષે સમાધાનના પ્રયાસો થાય છે.પણ એમાં વચેટીયા હોય તે પોતાનો જ વિચાર કરતાં હોય છે.

સંધિ ક્યાં સુધી ટકતી હોય છે.નેપોલીયને કહ્યુ છે ‘સંધિઓનુ પાલન ત્યાં સુધી જ કરાય છે, જ્યાં સુધી એમના હિતોની યોગ્યતા સચવાય છે ‘પોતાના હિતો સચવાઇ રહે ત્યાં સુધી સંધિ એમના માટે સારી ગણાય છે.જ્યારે એમનાં હિતો ટકરાય ત્યારે સંધિનો અંત આવે છે.

ફરીથી એની એ જ લડાઇઓ, ઝગડાઓ,મારામારી અને કાપાકાપી શરુ થઇ જાય છે. ક્યારેક તો આ પ્રકારની સંધિઓ માત્ર કાગળ ઉપર જ રહેતી હોય છે.એમાંય જો સામેવાળો દુબળો હોય, ગરીબ હોય, તો એની સાથે સંધિ કરવાનો પ્રશ્ન જ રહેતો નથી. એ પોતાનો શત્રુ હોય તેથી શું થઇ ગયું ?આપણે કહીએ છીએ કે નબળો ઘણી બૈરી પર શુરો હોય છે. એના પણ લોકો સમાજમાં હોય છે, પણ પોતાનો પડોશી સામાન્ય કક્ષાનો હોય તો એને આપણે સતત દબાવ્યા જ કરીએ છીએ. એની પરિસ્થિતિનો ગેરલાભ લેતાં આપણે અચકાતાં નથી.સામાન્ય માણસ પોતાની નબળાઇઓના કારણે બોલતો ના હોય એની સાથે કોઇપણ વાતનુ સમાધાન શા કામનુ ? એવા લોકોનુ તો સતત શોષણ થતું આવે છે. એવો જ કોઇ દેશ હોય કે, આપણા સમાજનો કોઇ વર્ગ હોય. એને તો સતત કચડાતા જ રહેવું પડે છે.સંધિ કોની સાથે થાય ?જેની આપણને ભીતી હોય,જેનો ભય હોય,એની સાથે સંધિ કરવાની હોય છે. જે આપણને કશું જ કરી શકે એમ ન હોય એની સાથે સંધિ કેવી ?સંધિ એ રાજનીતીનો એક ભાગ છે.એમાં તો લાભાલાભનો જ વિચાર કરવો પડે છે. જીવનમાં ક્યારેક આપણે જેને દુશ્મન માનતા હોઇએ એવો માણસ પણ આપણા પર ઉપકાર કરતો હોય છે. ઉપકાર કરનાર શત્રુની સાથે સંધિ કરવી જોઇએ.તેના બે લક્ષણ જાણવા જોઇએ,ઉપકાર અને અપકાર, આપણે કહીએ છીએ કે કોઇ વેંત નમે તો આપણે હાથ નમવું જોઇએ. એમાં જ આપણી માનવતા રહેલી છે. જો શત્રુ આપણા હિતનાં વિચાર કરતો હોય તે એની સાથે સમાધાન કરવુ એ યોગ્ય જ ગણાય છે. જો બે રાજાઓ સમાધાન કરે અથવા બે રાષ્ટ્રો સંધિ કરે તો એનુ પાલન કોણે કરવાનુ ?જે તે રાષ્ટ્ર અને તેની પ્રજાએ. સંધિ જો પ્રજાના હ્યદય સુધી પહોંચે નહીં તો એનો અર્થ સરતો નથી.

ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ. સંદેશ)

# મુંબઇમાં ભડકે બળતા પેટ્રોલ-ડિઝલના ભાવો : પેટ્રોલ રુ.૮૦ પ્રતિ લીટર

દેશના લોકોના અચ્છે દિન આવી ગયા છે.મુંબઇમાં પેટ્રોલના ભાવ લિટરે રુ.૮૦ની સપાટી વટાવી ગયા છે. જ્યારે ડિઝલનો ભાવ પ્રતિ લિટર રુ.૬૭ જેટલો થયો છે.પેટ્રોલ અને ડિઝલના ભાવો છેલ્લા ત્રણ સપ્તાહથી સતત વધતા રહ્યા છે.નિષ્ણાંતોએ દાવો કર્યો હતો કે નવા વર્ષના પ્રથમ ત્રણ સપ્તાહમાં થયેલો ભાવ વધારો સૌથી વધુ છે.આ ભાવ વધારાને કારણે ફુગાવો વધશે.અને તેની અસરો અન્ય ચીજ વસ્તુઓ પર પડશે.જો પેટ્રોલ ડીઝલના ભાવો જીએસટી હેઠળ લાવવામાં આવે તો હજુ પણ તેના ભાવો સ્થિર થવાની શક્યતાઓ છે.જીએસટી મહત્તમ ૨૮ ટકા હોવાથી તેનાથી વધારે ટેકસ લાગી શકે નહી. જેથી પેટ્રોલ લિટરે રુ.૫૦ની આસપાસ મળી શકે તેમ છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

*ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ*

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

*૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩*
*ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪*


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**


૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

**ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.